રાજયમાં સુક્ષ્મ સિંચાઇ યોજના (ટપક અને
કુવારા પધ્ધતિ અન્વયે (અનુસુચિત જાતિના
(SC) ખેડૂતોને સહાયમા વધારો)

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)પાર્ટ-૨/ન
સચિવાલય, ગાંધીનગર
તા.03/01/૨૦૧૫

વંચાણે લીધાઃ-

(૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન. તા.૦૯/૦૫/૨૦૦૫.

(૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ પરચ/૧૦૨૦૦૫/૪૯૭/ન. તા.૩૧/03/૨૦૦૮.

(3) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના સરખા ક્રમાંકના ઠરાવ પરચ/૧૦૨૦૦૫/૪૯૭(૩૮)-પાર્ટ-૩-ન. તા.03/0૪/૨૦૧૨

આમુખઃ-

સમગ્ર રાજયમાં **સુક્ષ્મ** સિંચાઇ/ટપક/કુવારા/રેઇનગન્સ/ **પોરસપાઇપ**/ (Micro Irrigation)/ Drip/Spnnkler/ Rainguns/ Porous pipes) પધ્ધતિના સરળ અને એકસમાન અમલીકરણ થઇ શકે તે માટે તથા તેનો લાભ વધુ ને વધુ ખેડૂતોને સહેલાઇથી મળી શકે તે માટે એક સંકલીત યોજના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા.૦૯/૦૫/૨૦૦૫ના ઠરાવથી અમલમાં મુકાયેલ છે. ઉકત યોજના અનુસાર તા.૩૧/03/૨૦૦૮ તેમજ તા.30/0૪/૨૦૧૨ના ઠરાવથી રાજયમા સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિ અપનાવતા ખેડૂતોને કુલ એમ.આઇ.એસ.કોસ્ટ અન્વયેરાજય સરકારની સબસીડી સહાયના ધોરણો નકકી કરવામા આવેલ છે.

રાજયના સામાન્ય ખેડૂતો અને અનુસુચિત જાતિના (SC) ખેડૂતોને સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિના કિંમતના ૫૦ ટકા અથવા રૂ.૬૦,000/- પ્રતિ હેકટર બેમાંથી ઓછુ હોય તે મુજબ તથા ડાર્કઝોન વિસ્તારમાં સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિના કિંમતના ૬૦ ટકા અથવા રૂ.૬૦,000/- પ્રતિ હેકટર બેમાંથી ઓછુ હોય તે મુજબ સહાય આપવામા આવે છે. આદિજાતિ વિસ્તારના આદિજાતિ ખેડૂતોને સુક્ષ્મ સિંચાઇ પધ્ધતિના કિંમતના ૫૦ ટકા ઉપરાંત વધારાની ૨૫ ટકા સહાય સાથે ૭૫ ટકા અથવા રૂ.૯૦,000/- પ્રતિ હેકટર બેમાંથી ઓછુ હોય તે મુજબ સહાય આપવામાં આવે છે.

રાજયમાં સુક્ષ્મ સિંચાઇ અપનાવતા અનુસૂચિત જાતિ (SC) ખેડૂતોને અનુસૂચિત જન જાતિ (ST) ખેડૂતો ની જેમ સરકારશ્રીની સહાયના ધોરણોમાં વધારાની જોગવાઇ ન હોવાથી તથા અનુસુચિત જાતિના (SC) ખેડૂતો સામાન્ય વર્ગના ખેડૂતો તરીકે યોજનાનો લાભ મેળવે છે. જેથી યોજના અન્વયે વસ્તીના ધોરણે સામાન્યતઃ ૭ ટકા મુજબ મૂળ બજેટ જોગવાઇની સાપેક્ષમાં અનુસુચિત જાતિ પેટા યોજના (SCSP) હેઠળ ઓછો ખર્ચ નોંધાય છે. જે ધ્યાને લઇ રાજયમાં ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની ધ્વારા અમલી સુક્ષ્મ સિંચાઇ યોજના અન્વયે અનુસૂચિત જાતિના (SC) ખેડૂતોને પણ રાજયના આદિજાતિ ખેડૂતો (ST) ની માફક સહાયના ધોરણોમાં વધારો કરવા માટેના માન.મંત્રીશ્રી, (સામાજીક ન્યાય અને અધિકારીકતા વિભાગ) ના સુચન મુજબ સુક્ષ્મ સિંચાઇ અપનાવતા અનુસુચિત જાતિના(SC) ખેડૂતોને પણ રાજયના આદિજાતિ ખેડૂતો (ST) ની માફક સહાયના ધોરણોમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારાધીન હતી.

ઠરાવઃ-

સરકારશ્રી ધ્વારા પૂર્ણ વિચારણાના અંતે રાજયમાં સુક્ષ્મ સિંચાઇ યોજના અપનાવતા અનુસૂચિત જાતિ (SC)ના ખેડૂતોને મળવાપાત્ર સહાયના ધોરણો સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિની કુલ કિંમત ના ૫૦ ટકા અથવા રૂ.૬૦,000/- પ્રતિ હેકટર બેમાંથી ઓછુ હોય તે તથા ડાર્કઝોન વિસ્તારમાં સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિની કુલ કિંમત ના ૬૦ ટકા અથવા રૂ.૬૦,000/- પ્રતિ હેકટર બેમાંથી ઓછુ હોય તેમાં વધારો કરવાનો નિર્ણય કરવામા આવેલ છે.

Order-2014-ANKIT

5/1/15

આ સંદર્ભમાં રાજય સરકારના વંચાણે લીધેલ ઠરાવોની જોગવાઇમાં નીચે મુજબનો સુધારો/વધારો કરવામા આવે છે.

*" સમગ્ર રાજ્યમાં ખેતી ક્ષેત્રે ટપક સિંચાઇ પધ્ધતિનો અમલ કરવા અનુસૂચિત જાતિ (SC)ના ખેડૂતોને મળવાપાત્ર સહાય સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિની કુલ કિંમત ના ૫૦ ટકા અથવા રૂ.૬૦,૦૦૦/- પ્રતિ હેકટરમાં વધારો કરીને સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિની કુલ કિંમતના ૭૫ ટકા અથવા રૂ.૯૦,૦૦૦/- પ્રતિ હેકટર બંનેમાંથી જે ઓછું હોય તે મુજબ મળવાપાત્ર થશે."*

આ ઠરાવની જોગવાઇનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ થી કરવાનો રહેશે તથા વંચાણમા લીધેલ અન્ય ઠરાવોની શરતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગના તા.૨૩/૧૨/૨૦૧૪થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.બી.પટેલ)
ઉપ સચિવ,(નર્મદા)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ,

૧. માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
૨. માન.મુખ્યમંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
૩. માન.મુખ્યમંત્રીશ્રી(મહેસુલ, આપત્તિ, વ્યવસ્થાપન મા અને મ)ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
૪. માન.મુખ્યમંત્રીશ્રી(પા.પુ.અને જ.સં.)ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
૫. માન.મુખ્યમંત્રીશ્રી(કૃષિ અને સહકાર)ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
૬. માન.મુખ્યમંત્રીશ્રી(આદિજાતિ વિકાસ, વન અને પર્યાવરણ)ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
૭. માન.રા.ક. મંત્રીશ્રી(ગૃહ, જેલ, નશાબંધી, કાયદો અને ન્યાયતંત્ર)ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
૮. માન.રા.ક. મંત્રીશ્રી(નાણા, ઉર્જા અને પેટ્રોકેમિકલ)ના અંગત સચિવશ્રી, નવા સચિવાલય, ગાંધીનગર.
૯. મુખ્ય સચિવશ્રી, ગુજરાત સરકાર, નવા સચિવાલય, ગાંધીનગર.
૧૦. અધ્યક્ષશ્રી અને વહિવટી સંચાલકશ્રી, સ.સ.ન.નિ.લિ, ગાંધીનગર.
૧૧. અધ્યક્ષશ્રી ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની, મુ. ફર્ટીલાઇઝરનગર, જિ.વડોદરા.
૧૨. અધ્યક્ષશ્રી, જી.ઇ.બી. વડોદરા.
૧૩. અધ્યક્ષશ્રી, ગુજરાત એગ્રો લી. ગાંધીનગર.
૧૪. અધિક મુખ્ય સચિવશ્રી,કૃષિ અને સહકાર, સચિવાલય, ગાંધીનગર.
૧૫. અગ્ર સચિવશ્રી (ખર્ચ નાણા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૬. અગ્ર સચિવશ્રી (મહેસુલ વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૭. અગ્ર સચિવશ્રી (વન અને પર્યાવરણ વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૮. અગ્ર સચિવશ્રી (ઉર્જા વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
૧૯. અગ્ર સચિવશ્રી (જ.સં.) ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૦. સંયુકત વહિવટી નિયામકશ્રી, સ.સ.ન.નિ.લિ., સચિવાલય, ગાંધીનગર.
૨૧. સચિવશ્રી (આ.બા.) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૨. સચિવશ્રી (કૃષિ) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૩. સચિવશ્રી (નર્મદા) ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨૪. સચિવશ્રી (તમામ), સચિવાલય, ગાંધીનગર.
૨૫. વહીવટી સંચાલકશ્રી ગુજરાત ગ્રીન રીવોલ્યુશનકંપની, વડોદરા.
૨૬. સંચાલકશ્રી (વહીવટ) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. વડોદરા.
૨૭. કલેકટરશ્રી (તમામ)
૨૮. જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
૨૯. સીલેકટ ફાઇલ.